# પ્રાંતિજ ખાતે રામલીલા કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે હૈદરાબાદથી ધર્મ પ્રચારક પ્રયાગ ક્ષેત્ર કાશીથી ભગવાન યોજવામાં આવી છે અને છેલ્લાં ત્રણ વર્ષથી હૈદરાબાદ માં ધર્મ પ્રચારક પ્રયાગ ની સાથે પોતાનું પેટીયું રડે છે ત્યારે તેવો ધર્મ ના પ્રચાર માટે ૨૩થી પણ વધારે વિસ્તારમાં જઈને રામલીલા ભજવ્યા બાદ પ્રાંતિજ ખાતે પણ આયોજન કરવામાં આવ્યું હતું.



રામલીલાની ઝાંખી સાથે સીતારામ ધર્મ પ્રચાર રામલીલા સાથે આવેલ કલાકારો દ્વારા યંત્ર યુગમાં પણ લોકોને સિનિમા તથા ટેલિવિઝન ને પાછળ મુકી કલાકારોએ રામલીલા ભજવી પેટીયુ રડવાની સાથે ધર્મ પ્રચાર પણ કરે છે.

પ્રાંતિજ નાની ભાગોળ ખાતે ઉત્તર પ્રદેશ ના હૈદરાબાદ પ્રયાગ ક્ષેત્ર કાશી થી બાલકૃષ્ણ શુકલ વ્યાસજી પીઠ દ્વારા રામલીલા ગુજરાત માં પણ છેલ્લાં ત્રણ મહિના થી આવ્યાં છે અને ગુજરાત ના વિવિધ વિસ્તારોમાં જઈને સીતારામ ધર્મ પ્રચારક રામલીલા ભજવી ને લોકોને યંત્ર યુગમાં પણ સિનિમા અને ટેલિવિઝન કરતાં પણ આબેહુબ પાત્રો ભજવતા લોકોમાં કઈક અલગ જોવાની સાથે ધર્મ પ્રત્યે જાગૃત કરી મનોરંજન પુરૂ પાડે છે તો ગુજરાતમાં વિરપુર, બાલાસિનોર, બાયડ સહિતના

જેમાં પ્રાંતિજના નગરજનોએ પણ રાત્રીનાં સમયે ઠંડીની પણ પરવા કર્યા વગર રામલીલા જોવાં દોડી આવ્યા હતાં અને સાથે હિન્દુ ધર્મ નું પણ જ્ઞાન મેળવ્યું હતું તો જગદીશ પ્રસાદ પાડ્યા કલાકારો ટીમ દ્વારા આબેહૂબ કલાપાત્રો ભજવાતા પ્રાંતિજ વાસીઓને યંત્ર યુગમાં ટીવી તથા સિનિમા કરતા પણ આનંદ ની સાથે ધર્મનું ધાર્મિક જ્ઞાન મેળવ્યું હતું.

## મોડાસા ચાર રસ્તા નજીક દારૂ પીધેલી હાલતમાં ચાલકે

# ટ્રક ડિવાઈડર તોડી સ્ટેટ બેન્ક બ્રાન્ચમાં ઘુસી જતા અફડાતફડી

### બાઈક, એક્ટિવા અને બેન્કની દીવાલનો કચ્ચરઘાણ : રાત્રીના સુમારે કોઈ હાજર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી

મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર માં ટ્રાફિકની સમસ્યા નગરજનો માટે માથાના દુખાવા સમાન બની છે મોડાસા ચાર રસ્તા ૨૪ કલાક વાહનો અને રાહદારીઓથી સતત ધમધમે છે ત્યારે મોડાસા ચાર રસ્તાની નજીક રહેલી સ્ટેટબેન્ક માં મંગળવારે રાત્રીના સુમારે નશાની હાલતમાં ટ્રક ચાલકે ટ્રક ડિવાઈડર તોડી રોન્ગ સાઈડે ઘુસાડી દેતા બેન્કની દીવાલ સહીત બેંક નજીક પાર્ક કરેલા બાઈક અને એક્ટિવા ને ધડાકાભેર અથડાવતાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો અકસ્માતના પગલે આજુબાજુમાંથી લોકો દોડી આવી ટ્રક ચાલક નશામાં ધૂત હોવાની જાણ થતા મોડાસા ટાઉન પોલીસ ને સોંપી દીધો હતો પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા ચાર રસ્તા પર મંગળવારે રાત્રીના ૯:૩૦ કલાકે ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં ઈકબાલ અહેમદ મેઘરજી એ ટ્રક(ગાડી.નં-GJ -31 -T -1349) ને હિંમતનગર બાજુ થી હંકારી લાવી ડિવાઈડર તોડી મોડાસા સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની શાખામાં દીવાલ અને તારની ફેન્સીંગ તોડી ઝાડ સાથે ધડાકાભેર અથડાવી દઈ બેન્ક નજીક પાર્ક કરેલા બાઈક(ગાડી.નં- GJ.09.CM 2041) અને એક્ટિવા (ગાડી. નં - GJ.9H. 1385) નો કચ્ચરઘાણ વાળી દઈ ટ્રક એટીએમ સુધી ધસી ગયો હતો અકસ્માતના પગલે આજુબાજુમાંથી મોટી સંખ્યામાં લોકો બેન્કના સ્થળે ધસી આવ્યા હતા અને ટ્રક ચાલક નશામાં ધૂત હોવાની જાણ પકડી રાખી અકસ્માતના ના પગલે દોડી આવેલ મોડાસા ટાઉન પોલીસ ને ટ્રક ચાલક સોંપતા મોડાસા ટાઉન પોલીસે સ્ટેટ બેન્ક ના કર્મચારી અમૃતભાઈ જીવાભાઈ લેઉઆ ની ફરિયાદના આધારે ટ્રક ચાલક વિરુદ્ધ ઈપીકો કલમ ૨૭૯,૪૨૭,મોટર વેહિકલ એક્ટ ૧૮૫,૧૭૭,૧૮૪ મુજબ ફરિયાદ નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



# આજે ગણપત યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી ઉત્કર્ષ વિષયે એક દિવસીય સેમિનારનું આયોજન

### શિક્ષણવિદ્ ડો. શશીરંજન યાદવ અને પ્રેરણા - વ્યાખ્યાતા દીપક તૈરૈયાના વિશેષ પ્રવચનો

ગણપત વિદ્યાનગર, તા.૨૭

વિદ્યા દ્વારા સમાજના ઉત્કર્ષના ઉદાત હેતુ સાથે જેનો આરંભ થયો હતો તેવી રાજયની પ્રથમ પંક્તિની અને 'હાઈટેક' તરીકે નામના પામેલી ગણપત યુનિવર્સિટીના નેજા હેઠળ તા.૨૮મી ડિસેમ્બર, ૨૦૧૭નો ગુરુવારના રોજ સંકુલના નવા ઓડિટોરીયમ ખાતે 'વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ' વિષય ઉપર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

સવારે ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી ચાલનારા આ એક દિવસીય સેમિનારમાં મહેસાણા જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યો અને ચુનંદા વરિષ્ઠ શિક્ષકોની વિશાળ ઉપસ્થિતિમાં યોજાઈ રહેલા આ શૈક્ષણિક સેમિનારને રાજયના જાણીતા પ્રેરણા - વ્યાખ્યાતા દીપક તેરૈયા અને રાજયની સુપ્રસિતિષ્ઠિત યુનિવર્સિટી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઑફ ટિસર્ચ એજ્યુકેશન, ગાંધીનગરના વાઈસ-ચાન્સેલર ડૉ. શશીરંજન યાદવ વિશેષ મહેમાન તરીકે સંબોધશે.

ગણપત યુનિવર્સિટીના દાતા-અધિષ્ઠાતા ગણપતભાઈ પટેલ, યુનિના પ્રેસિડેન્ટ અનિલભાઈ પટેલ, યુનિ. ના ડાયરેકટર જનરલ પ્રૉ. ડૉ. મહેન્દ્ર શર્મા, ડીઈઓ, મહેસાણા મા. જી.ડી. પટેલ તથા સંસ્થાના ટ્રસ્ટી ડૉ. દશરથભાઈ પટેલ પણ ઉપસ્થિત મહાનુભાવો સાથે પોતાના પ્રેરણાદાયી વિચારો દ્વારા પરામર્શન કરશે.

# હું હવે સોનિયા ગાંધીનો રાજકીય સલાહકાર નથી : અહેમદ પટેલ

ન્યુ દિલ્હી,તા.૨૭

કોંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્ય અને સીનિયર નેતા અહેમદ પટેલે કહ્યું છે કે તેઓ હવે સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર નથી અને તેમની ભૂમિકા પક્ષના નવા પ્રમુખ રાહુલ ગાંધી નક્કી કરશે. ૬૮ વર્ષીય અહેમદ પટેલ સોનિયા ગાંધીના મુખ્ય સ્ટ્રેટજિસ્ટ તરીકે છેલ્લાં ૧૬ વર્ષથી કામ કરી રહ્યા હતા અને કોંગ્રેસમાં બીજા ક્રમના સૌથી શકિતશાળી નેતા મનાતા હતા. સોનિયા ગાંધીના સ્થાને આ મહિનાની શરૂઆતમાં રાહુલ ગાંધી પ્રમુખ બનતા જ સોનિયાના પોલિટિકલ સેક્રેટરીની અહેમદ પટેલની પોસ્ટનો કાર્યકાળ પૂરો થઈ ગયો છે. પટેલે કહ્યું કે 'હું હવે શ્રીમતી સોનિયા ગાંધીનો પોલિટિકલ સેક્રેટરી નથી, પરંતુ કોંગ્રેસ કારોબારીના સભ્ય તરીકે રહીશ. હવે કોંગ્રેસના પ્રમુખે તેમની ટીમ નક્કી કરવાની છે.'

રાહુલ ગાંધીના નેતૃત્વમાં પક્ષનું ભાવિ ઉજ્જ્વળ છે તેમ જણાવીને અહેમદ પટેલે કહ્યું હતું કે 'રાહુલજી યુવાન, ઊર્જાવાન છે, વિઝન ધરાવે છે અને દેશ માટે કંઈક કરવા માગે છે. શ્રીમતી સોનિયા ગાંધી તેમના સંતાનો સાથે ચર્ચા કરીને આગામી સમયમાં તેમના પોતાના રોલ વિશે નિર્ણય કરશે, તેઓ કોંગ્રેસ સંસદીય પક્ષના ચેરપર્સન તરીકે તો રહેશે જ.'

પટેલે ઉમેર્યું કે 'રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસ અન્ય સમાન વિચારધારાવાળા પક્ષો સાથે મળીને ૨૦૧૯માં કેન્દ્રમાં સરકાર રચવાની સ્થિતિમાં છે.' તાજેતરમાં ગુજરાતની ચૂંટણીમાં રાહુલની આગેવાનીમાં કોંગ્રેસને સારી સફળતા મળી છે તેને પગલે પટેલને રાહુલ પ્રત્યે ખાસ્સી આશા છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં રાહુલની અથાગ કેમ્પેઈન સ્કિલને કારણે કોંગ્રેસમાં ઊર્જાનો નવો સંચાર થયો છે.

રાહુલ કમને રાજકારણમાં આવ્યા છે કે કેમ તેવા સવાલના જવાબમાં પટેલે કહ્યું કે 'રાહુલજી ગંભીર રાજકીય નેતા હતા અને હંમેશા છે, પરંતુ સોશિયલ મીડિયામાં તેમની વિરુદ્ધ ષડયંત્ર રચાયું હતું, તેમની મજાક ઉડાવાતી હતી. તેઓ વિઝન સાથેના નેતા છે. ગુજરાતમાં ચૂંટણી પ્રચાર પછી તે સાબિત થઈ ગયું છે.'



## સલમાન ખાનના નિવેદનને લઇ વાલ્મિકી સમાજે આવેદનપત્ર

સલમાનખાન અને શિલ્પા શેટ્ટી દ્વારા વાલ્મિકી સમાજની લાગણી દુભાવતી ટિપ્પણી કરવામાં આવી હસ્તી જેના પ્રત્યાગતો પડ્યા હતા જેને લાઈ ખેડબ્રહ્મા વાલ્મિકી સમાજ દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા વાલ્મિકી સમાજે બુધવારે સમાજના આગેવાનો સાથે લક્ષ્મીપુરા ચાર રસ્તા પર બાબા સાહેબ આંબેડકરના પૂતળા પાસેથી રેલી કાઢી પ્લે બોર્ડ તથા સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો હતો ત્યાર બાદ તાલુકા સેવા સદન ખાતે પ્રાંત અધિકારી ને આવેદન પાત્ર આપવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા.

## શપથવિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની સરકાર લોકોની તમામ અપેક્ષાને પૂર્ણ કરવા માટે પ્રયાસ કરશે. કોઈ પણ મુખ્યપ્રધાનના શપથવિધીમાં આટલી જંગી વ્યવસ્થા અગાઉ કરવામાં આવી ન હતી. હિમાચલ પ્રદેશમાં આગામી મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો ૨૪મીએ અંત આવી ગયો હતો. હિમાચલ પ્રદેશમાં ધારાસભ્યોની રવિવારે બેઠક યોજાઈ હતી જેમાં જયરામ ઠાકુરના નામ ઉપર મંજુરીની મહોર મારવામાં આવી હતી. આની સાથે જ જયરામ ઠાકુરના હિમાચલ પ્રદેશના ૧૩માં મુખ્યમંત્રી બનવા માટેનો માર્ગ મોકળો થયો હતો.૧૮મી ડિસેમ્બરના દિવસે હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદથી નવા મુખ્યમંત્રીને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો હતો. અસમંજસની સ્થિતિ બનેલી હતી. કારણ પૂર્વ મુખ્યમંત્રી અને મુખ્યમંત્રીપદના દાવેદાર પ્રેમકુમાર ધુમલ ચૂંટણી હારી ગયા હતા. ત્યારબાદથી જેપી નડ્ડા અને પાંચ વખતના ધારાસભ્ય જયરામ ઠાકુરના નામ સપાટી ઉપર આવી રહ્યા હતા. એમ માનવામાં આવી રહ્યું હતું કે, જેપી નડ્ડાને મુખ્યમંત્રી અને ઠાકુરને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે પરંતુ અંતે જયરામ ઠાકુરના નામ ઉપર મંજુરીની મહોર લાગી હતી. જયરામ ઠાકુર કુશળ કાર્યકર્તા પણ છે. પોતાના હરીફોને પાંચમી વખત હાર આપીને વિધાનસભા પહોંચ્યા છે.રાજ્યના મંડી જિલ્લામાંથી ઠાકુર પ્રથમ મુખ્યમંત્રી બન્યા છે. ઠાકુરની તરફેણનો નિર્ણય ભાજપ ધારાસભ્યોની બેઠકમાં લેવાયો હતો. લાંબી ચર્ચા ચાલી હતી. નિર્મલા સીતારામન અને નરેન્દ્રસિંહ તોમર ખાત ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ૪૪ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. જયરામ ઠાકુર જુદા જુદા હોદ્દા પર કામ કરી ચુક્યા છે. તેઓ હિમાચલ પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકે રહી ચુક્યા છે. ૫૨ વર્ષીય ઠાકુર હિમાચલમાં ભાજપની પૂર્વ સરકારમાં મંત્રી પણ રહી ચુક્યા છે. ઠાકુર મંડી વિધાનસભા બેઠક પરથી સતત ચૂંટાતા રહ્યા છે. સંગઠનથી લઈને સામાન્ય પ્રજા સુધી તેમની સારીએવી લોકપ્રિયતા છે. નવી સરકાર સામે કેટલાક પડકારો ચોક્કસપણે છે. કેબિનેટમાં છ નવા ચહેરાઓ સામેલ કરવામાં આવ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કેબિનેટ હવે પૂર્ણ થઈ ગઈ છે. કારણ કે, તમામ ૧૨ જગ્યાઓ ભરી દેવામાં આવી છે. બે ધારાસભ્યોને સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર તરીકે સામેલ કરવામાં આવશે. રાજીવ બિંદલ રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ તરીકે રહેશે.

## ઐતિહાસિક ચુકાદો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારોનું પણ ઉલ્લંઘન થતું નથી. જો કે, હાઈકોર્ટે સ્વનિર્ભર શાળાઓને એ મુદ્દે છૂટ આપી હતી કે, તેઓ શિક્ષણની ગુણવત્તા માટે ફી વધારા અંગે પ્રપોઝલ આપી શકશે અને તેની પર ફી નિર્ધારણ સમિતિ કાયદેસર નિર્ણય લેશે. છ અઠવાડિયામાં ખાનગી સ્વનિર્ભર શાળાઓ એકઝમ્પ્શન માટે સક્ષમ સત્તાવાળાઓ સમક્ષ અરજી કરી શકશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ની બંધારણીય કાયદેસરતાને પડકારતી રાજયભરની સ્વનિર્ભર શાળાઓ તરફથી તો, સાથે સાથે કેટલાક શ્રીમંત વાલીઓ તરફથી પણ આ શાળાઓને સમર્થન આપતી તેમ જ સ્વનિર્ભર શાળાઓની રજૂઆતનો વિરોધ કરતી જુદી જુદી રિટ અરજીઓ ગુજરાત હાઈકોર્ટમાં થઈ હતી. ખૂબ જ મહત્વપૂર્ણ એવા આ કેસની સુનાવણી અગાઉ ગુજરાત હાઈકોર્ટે ડે ટુ ડે બેઝીઝ પર હાથ ધરવાનુ નક્કી કર્યું છે. જેમાં સ્વનિર્ભર શાળાઓ, રાજય સરકાર, વાલીઓ-વિદ્યાર્થીઓ સહિતના તમામ પક્ષકારોની રજૂઆત પૂર્ણ થઈ જતાં ગત તા.૩૧ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ હાઈકોર્ટે આ કેસમાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો, જે આજે ખુલ્લી અદાલતમાં જાહેર કરી હાઈકોર્ટે સમગ્ર રાજયના વિદ્યાર્થીઓ અને વાલીઓને બહુ મોટી રાહત આપતો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો અને સરકારના ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ને બહાલ રાખ્યો હતો.

## આજે સંસદમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. આવી સ્થિતિમાં આ બિલને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે ૨૪મી ડિસેમ્બરના દિવસે તાકીદની બેઠક યોજી હતી. જેમાં ત્રિપલ તલાકના મુદ્દા પર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે અભિપ્રાય આપતા કહ્યુ હતુ કે મહિલા સામે ત્રિપલ તલાક બિલ પરિવારને નષ્ટ કરી નાંખશે. બોર્ડે દલીલ કરતા કહ્યુ છે કે સુચિત ત્રિપલ તલાક બિલ જે કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવ્યુ છે તે મહિલાઓન વિરુદ્ધમાં છે. જો તેને અમલી કરવામાં આવશે તો અનેક પરિવાર બરબાદ થઈ જશે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્ય સજ્જાદ નોમાનીએ કહ્યુ હતું કે આ બિલ માટે મુસદ્દો નક્કી કરતી વેળા કોઈ પ્રક્રિયા પાળવામાં આવી નથી. સાથે સાથે કોઈ સંબંધિતો સાથે વાતચીત પણ કરવામાં આવી નથી. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રમુખ આ વલણને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી પહોંચાડશે. સુપ્રીમ કોર્ટે ખુબ જ સંવેદનશીલ અને જટિલ ત્રિપલ તલાકના મુદ્દા પર અગાઉ ૨૨મી ઓગસ્ટના દિવસે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો અને ત્રિપલ તલાકને ગરબંધારણીય ઠેરવતા દેશમાં જુદા જુદા સમુદાયમાં આની ભારે ચર્ચા જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય પીઠે ૩-૨ની બહુમતિ સાથે આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા ત્રિપલ તલાક પર આગામી છ મહિના માટે સ્ટે મુકી દીધો હતો. સાથે સાથે કેન્દ્ર સરકારને ત્રિપલ તલાકના મુદ્દા ઉપર કાયદો બનાવવા માટે સૂચના આપી હતી. આ મામલામાં સુપ્રીમ કોર્ટના પાંચ જજ પૈકી ત્રણ જજે ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો જ્યારે મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ જેએસ ખેહર અને ન્યાયમૂર્તિ એસ અબ્દુલ નઝીરે આ મામલામાં જુદો અભિપ્રાય આપ્યો હતો. જસ્ટિસ કુરિયન, જસ્ટિસ જોસેફ અને જસ્ટિસ નરીમને ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો અને આને સ્વૈચ્છિક તરીકે ગણાવીને આની ટિકા કરી હતી. સાથે સાથે ત્રિપલ તલાકને ફગાવી દીધો હતો. ૩-૨ની બહુમતિથી આ ચુકાદો આપવામાં આવ્યો હતો. ૩૦મી માર્ચ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે નક્કી કર્યું હતું કે, આની સાથે જોડાયેલી અરજી ઉપર પાંચ જજની બંધારણીય બેંચ સુનાવણી કરશે. તમામ પાસાઓ ઉપર વિચારણા કરશે.

કોર્ટે એ વખતે કહ્યું હતું કે, આ મામલો ખુબ જ ગંભીર છે અને આને ટાળી શકાય નહીં. કોર્ટે તમામ સંબંધિત પક્ષોને લેખિતમાં પોતાની વાત એટર્ની જનરલ પાસે જમા કરવા કહ્યું હતું. ૧૧મી મે ૨૦૧૭ના દિવસે આ મામલામાં બંધારણીય બેંચમાં સુનાવણી શરૂ થઈ હતી. સુનાવણી સતત છ દિવસ સુધી ચાલી હતી. આ ગાળા દરમિયાન બંને પક્ષો તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી. કોર્ટ તરફથી પણ ખુબ જ રોચક ટિપ્પણી કરવામાં આવી હતી.

## પર્પલ એલિફન્ટ રિયલ્ટી એડવાઈઝર્સ દ્વારા ગુજરાત કેન્દ્રિત ઓલ્ટરનેટિવ ઈનવેસ્ટમેન્ટ ફંડ-કેટેગરી-૨ની રજૂઆત

પર્પલ એલિફન્ટ રિયલ્ટી એડવાઈઝર્સ એલએલપી દ્વારા ગુજરાત કેન્દ્રિત ઓલ્ટરનેટિવ ઈનવેસ્ટમેન્ટ ફંડ(એઆઈએફ)-કેટેગરી-૨ની રજૂઆત કરવામાં આવી છે જે રિયલ્ટી ઈનવેસ્ટમેન્ટ દ્વારા ભાવિ રોકાણકારોને ઉંચા વળતર અને પ્રોફેશનલ મેનેજમેન્ટનો લાભ આપે છે. પર્પલ એલિફન્ટ ફંડ એ અગ્રણી રિઅલ એસ્ટેટ સલાહકાર અને ટ્રાન્ઝેકશન કંપની પરીખ રિઅલ એસ્ટેટ ગ્રુપ દ્વારા પ્રમોટ કરવામાં આવેલ છે. પરીખ રિઅલ એસ્ટેટ ગ્રુપ આ ક્ષેત્રમાં એક દાયકા કરતાં પણ વધુ સમયનો અનુભવ ધરાવે છે. તેના સ્થાપકોમાં અગ્રણી બિઝનેસ ગૃહો અને ફેમિલી ઓફિસીસના રિઅલ એસ્ટેટ સલાહકારોનો સમાવેશ થાય છે.

શ્રી મોનિલ પરીખ જણાવે છે કે છેલ્લાં થોડાંક વર્ષોમાં ભારતની રિયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રી કપરા તબક્કા વટાવ્યા પછી ફરીથી વૃધ્ધિની દિશામાં ક્રમશઃ આગળ વધી રહી છે. તેનાથી તેમની ટીમ રોમાંચિત છે. ઈઈઈછ અને જ્ીની રજૂઆત તથા આવી અન્ય નીતિઓ અમલમાં આવ્યા પછી આ સેકટરમાં જેની ખૂબ જ જરૂર હતી તે પારદર્શકતા આવી છે. આવા ફેરફારોને કારણે સંસ્થાકિય રોકાણકારોમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે મૂડીરોકાણના સારા વિકલ્પ તરીકેના વિશ્વાસમાં વધારો થયો છે. ગ્લોબલ રેટીંગ એજન્સીઓએ સારું રેટીંગ આપીને નીતિ વિષયક ફેરફારોને આવકાર્યા છે. આને પરિણામે ભારતના અર્થતંત્રમાં મજબૂત વૃધ્ધિ દેખાઈ રહી છે. કેન્દ્ર સરકારે ×હાઉસિંગ ફોર ઓલ× અને ×૧૦૦ સ્માર્ટ સીટીઝ× જેવી યોજનાઓ રજૂ કરી છે, જેનાથી રિયલ એસ્ટેટનાં તમામ ક્ષેત્રોની માંગમાં ચોકકસપણે વૃધ્ધિ થશે.

## IIRMA એજ્યુકેશન કન્સલ્ટન્સી, ગાંધીનગર દ્વારા ૩ સભ્યોના જાપાનીઝ ડેલિગેશનને આવકાર

ટોકિયો યુનિવર્સિટી ઓફ સોશિયલ વેલફેર, જાપાનનું ૩ સભ્યોનું ડેલીગેશન વિવિધ અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવા અને રાજ્યના રસ ધરાવતા વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દી અંગે જાણકારી આપવા ગુજરાતના ૪ દિવસના પ્રવાસે છે.

તેમના દ્વારા જે મહત્વના અભ્યાસક્રમો ઓફર કરવામાં આવ્યા છે તેમાં ક્લિનિકલ સાયકોલોજી, સોશિયલ વેલફેર, માસ્ટર ઈન સોશિયલ વર્ક, બી. એ.ઈન સોશિયલ વેલફેર તથા અન્ય અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ડેલીગેશન દ્વારા કેટલાક અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ પણ લેવામાં આવ્યા હતા.

IIRMA એજ્યુકેશન કન્સલ્ટન્સી, ગાંધીનગરના સીઈઓ શ્રી પ્રવાકર શાહ દ્વારા ટોકિયો યુનિવર્સિટી ઓફ સોશિયલ વેલફેર અને IIRMA એજ્યુકેશન અંગે પરિચય અપાયો હતો અને લેંગ્વેજ પ્રોગ્રામ્સ, બી.એ. (સોશ્યિલવેલફેર ),બી.એ. (ચાઈલ્ડ કેર), ક્લિનિકલ સાયકોલોજી, એમએસડબલ્યુ તથા અન્ય ઉપયોગી અભ્યાસક્રમો અંગે માહિતી અપાઈ હતી.

IIRMA એજ્યુકેશન, ગાંધીનગર કે જેણે ગુજરાતમાં ડેલીગેશનના યજમાન તરીકેની કામગીરી બજાવી હતી તે ફિલિપાઈન્સ, ભારત, સાયપ્રસ, ગ્રીસ, અને નેપાળમાં પોતાની ઓફિસો ધરાવે છે. IIRMAએ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટેની શૈક્ષણિક સર્વિસીસ પૂરી પાડતીટોચનીસંસ્થા છે.

## મનના ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

કાગારોળ કરી મૂકી છે. જ્યારે અલ્પેશ ઠાકોરે મોદી સાહેબ રંગ બદલવા માટે રોજના ચાર લાખ રૂપિયાના મશરૂમ ખાય છે તેવી વાત કરી. જેનો કોઈએ વિરોધ કર્યો નથી. મોદીસાહેબનો એક નિયમ છે. જ્યારે સામી પાર્ટી બોલવામાં કંઈક ચૂક કરે તો ઝંઝાવાત ખડો કરી દે છે પણ તેમને ક્યાંક ચૂક થઈ ગઈ હોય તો શાહમૃગની જેમ રેતીમાં મોઢુ છુપાવી દે છે. કમસે કમ તેમણે આવા વખતે આ ગીત ગાવું જોઈએ.

સજનાકે સામને મૈં તો રહુંગી ચુપ, ચુપ
બોલ ઉઠી અંખિયાં તો ક્યા હોગા ?
ક્યા હોગા ?

આવી વાતોનો કોઈ પાર ના આવે. વાતો બેસુમાર છે તેમ ગીતો બેસુમાર છે. પણ તમને થશે કે ચુંટણીઓ વાળાઓથી માંડ છૂટ્યા છીએ ત્યાં તમે ક્યાં માથુ પકાવવા તૈયાર થયા છો ? થોડીક તો રહેમ કરો ભાઈ !

લ્યો, બસ બંધ કરીએ છીએ આ અનાપસનાપ વાતો. એને તમે રહેમ કરી તેવું ના સમજતા, હું જ થાક્યો છું. પણ એક વાત કહેવા માંગું છું, આ લેખ તમે વાંચતા હશો ત્યારે હું કદાચ હવાઈજહાજમાં હોઈશ અથવા તમે મોડા ઉઠ્યા હશો તો સિકન્દરાબાદમાં હોઈશ. આવતી વખતે તમને ગુજરાતી સાહિત્ય પરીષદના ઓગણપચાસમા અધિવેશનની આડીતેડી વાતો કરવા હાજર થઈશ.


## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગામ કરણપુર તાલુકો મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

**નવાઘરા (કરણપુર)**

૧.પાઈપલાઈન લેબર કામ, ઘર જોડણ, હવાડો ૪,૩૫,૫૧૭,૪૫
૨. ૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૨૯૨૩૦૫.

**કરણપુર**

૩. પાઈપલાઈન લેબર કામ. ઘર જોડણ, હવાડો ૪,૩૫,૫૧૭.૪૫
૪. ૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૨,૯૨,૩૦૫.૬૪

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂા.૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩૧/૧૨/૨૦૧૭ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજુ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૦૬/૦૧/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૦૮/૦૧/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર./ડી.ડી./બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી કરણપુર જળ અને સ્વચ્છતા સમીતીના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજૂર કે રદ કરવાનો અબાધીત અધીકાર સમીતી નો રહેશે.

**: ટેન્ડર મોકલવાનું સરનામું :**
**અધ્યક્ષશ્રી કરણપુર જળ અને સ્વચ્છતા સમીતી,**
**તાલુકો-મેઘરજ, જીલ્લો-અરવલ્લી**